# અંતરશુદ્ધિનાં સોપાન

## શ્રીગુરુમાઈ દ્વારા લિખિત પુસ્તકમાંથી

## ઉદ્ધરણ ૮

આજે સવારે એક પિતા, તેમના પુત્રનો જે થોડાં અઠવાડિયાં પહેલાં અહીં હતો, તેનો અનુભવ કહી રહ્યા હતા. તેમણે કહ્યું જ્યારે તેમનો પુત્ર ઘરે પાછો આવ્યો ત્યારે તે એટલો બદલાઈ ગયો હતો કે તે વિશ્વાસ કરી શકતા નહોતા. એ છોકરાએ કહ્યું, ''પિતાજી, આશ્રમના દરેક પાંદડામાં મને ભગવાનનાં દર્શન થયા.'' તે ખૂબ દ્રવિત થઈ ગયો હતો. વાસ્તવમાં, મને એ સમય યાદ છે જ્યારે આ યુવાન, યુવાઓની ધ્યાનશિબિર પછી દર્શન માટે આવ્યો અને મને કહ્યું હતું, ''ગુરુમાઈ, આટલાં વર્ષો સુધી મારા માતાપિતા સાથે ઘણું ખરાબ વર્તન કરવા બદલ, તેમના પ્રેમને ન સમજવા બદલ, તમે મને માફ કરશો? હું ખરેખર ઇચ્છું છું કે મને માફી મળે. હું ખરેખર એવું ઇચ્છું છું.''

મેં તેને એક ખાસ વ્યક્તિ પાસે જઈને વાત કરવા કહ્યું. એ વ્યક્તિએ તેને એ સલાહ આપી કે તે અત્યારે જ તેના માતાપિતાને ફોન કરે અને તેમને જણાવે કે તે શું અનુભવી રહ્યો છે. તેણે તેમ જ કર્યું. તેણે તેમને ફોન કર્યો અને કહ્યું, ''મેં માફી માટે પ્રાર્થના કરી છે. હું ગુરુમાઈ પાસે ગયો હતો,'' અને તેણે બધી વાત તેમને કહી.

તેના માતાપિતાનું હૃદય પીગળી ગયું. આ ગ્રીષ્મના અંતે, જ્યારે તેના પિતા આવ્યા, તો તેઓ આખો વખત તેના પુત્ર વિષે વાતો કરતા થાકતા નહોતા. જ્યારે પણ હું તેમને જોતી, તેઓ ફરી પાછી આખી વાત મને કહેતા. ''મારો પુત્ર, મારો પુત્ર, મેં તેની આંખોમાં રૂપાંતરણના આંસુ જોયા. મેં તેનો અવાજ બદલાતો સાંભળ્યો. મારા પુત્રે દરેક પાંદડામાં ભગવાનનાં દર્શન કર્યાં.''

હું ડોકું હલાવતી રહી. ''હા, હા.'' સાચે જ તે ખૂબ સુંદર હતું. જ્યારે તમે કોઈને રૂપાંતરણના અનુભવ વિષે વાત કરતાં સાંભળો છો, ત્યારે તે તમારા હૃદયને દ્રવિત કરી દે છે. દરેક વખતે તમે વિચારો છો કે તમે તેને બહુ સાંભળી, ત્યારે તે તમારા અસ્તિત્વના બીજા ભાગને સ્પર્શી જાય છે. જે રીતે એ વ્યક્તિ તે કહે છે, જે રીતે એ તમને અસર કરે છે તેનાથી તમને સમજાય છે ''ઓ, હજી કંઈક વધારે છે...'' કરુણા. જ્યારે તમે પરસ્પર કરુણાના ભાવની અનુભૂતિ કરો છો, ત્યારે તમે એક બીજાંમાં ભગવાનને જોઈ શકો છો.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *અંતરશુદ્ધિનાં સોપાન : દિવ્ય સદ્‌ગુણોનો યોગ*, અધ્યાય ૭, 'કરુણા'માંથી (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૧૦૮.